

શ્રમણ ભગવાન મહાવીર પ્રણીત

# જૈન આચાર-ધર્મના પાયા

સંપાદક

કમળાબેન ર. સુતરિયા

સદ્વિચાર પરિવાર

श्री ...गरसूरि ...द्रिर ...धीनगर

# વંદના

જેમ હાથીઓમાં ઐરાવત,
પશુઓમાં સિંહ,
નદીઓમાં ગંગા,
પક્ષીઓમાં વેણુદેવ ગરુડ શ્રેષ્ઠ છે;
તેમ નિર્વાણવાદીઓમાં મહાવીર શ્રેષ્ઠ છે.

જેમ યોદ્ધાઓમાં વાસુદેવ,
પુષ્પોમાં કમલ,
ક્ષત્રિઓમાં દંતવાક્ય શ્રેષ્ઠ છે;
તેમ ઋષિઓમાં મહાવીર શ્રેષ્ઠ છે.

જેમ શબ્દોમાં મેઘગર્જના,
તારાઓમાં ચંદ્રમાં,
સુગંધીમાં ચંદન શ્રેષ્ઠ છે;
તેમ મુનિઓમાં મહાવીર શ્રેષ્ઠ છે.

જેમ સમુદ્રોમાં સ્વયંભૂ,
નાગદેવમાં ધરેણન્દ્ર,
અને રસોમાં ઈક્ષુરસ શ્રેષ્ઠ છે;
તેમ તપસ્વીઓમાં મહાવીર શ્રેષ્ઠ છે

જેમ સત્યમાં નિરવદ્ય વચન,
દાનોમાં અભયદાન,
અને તપમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે;
તેમ શ્રમણોમાં મહાવીર શ્રેષ્ઠ છે.



# સ્વ. મણીલાલ ઘેલાભાઈ પરીખ

જન્મ : તા. ૨૩-૧૦-૧૯૦૫ અવસાન તા. ૨૧-૧૧-૧૯૮૪

# સ્વ. મણીલાલ ઘેલાભાઈ પરીખ
# જીવન ઝરમર

જોટાણાવાળા તરીકે ઓળખાતા **શ્રી** મણીભાઇનો જન્મ ૨૩-૧૦-૧૯૦૫માં બેચરાજી પાસે સીણુજનાપુરા નામના નાના ગામડામાં થયો હતો. ગામમાં તેઓ બબાશેઠના હુલામણા નામે લોકપ્રિય હતા, સામાન્ય સ્થિતિમાં જન્મેલા તેઓશ્રી આપ બળે આગળ આવેલા.

શરૂશરૂમાં તેઓએ અમદાવાદમાં આવી અનાજની દુકાન શરૂ કરેલી, સમય જતાં કાપડમાં ભાગીદારી પેઢી શરૂ કરી, સમય જતાં પોતાની હોલસેલ કાપડની દુકાન શરૂ કરી, ધર્મના પુણ્ય પ્રતાપે ધંધામાં દિનપ્રતિદિન પ્રગતિ કરતા રહ્યા.

તેઓશ્રીને કુટુંબ પ્રત્યે ખુબજ વાત્સલ્ય હતુ. અણીને વખતે કુટુંબીજનોને મદદ કરી તેમની ડુબતી નાવ તેમણે બચાવી છે, જરૂરી પ્રસંગોએ સગાંઓને અને મિત્ર વર્ગને યોગ્ય સલાહ સુચન અને દોરવણી આપ્યાં છે.

નાની વયથી જ તેમનામાં ધર્મના સંસ્કાર જાગેલા જે સમય જતાં વટવૃક્ષની જેમ વધતા ગયા, તેમણે ફક્ત પૈસા કમાઇ જ નથી જાણ્યા, પણ તે પૈસાનો સદુપયોગ પણ કરી જાણ્યો છે, તેમની પ્રેરણાથી તેમના કુટુબમાં છ જણાએ ચારિત્ર અંગીકાર કરેલ છે, ઘણાંખરાં તીર્થ-


સ્થાનોમાં તેમણે અનુદાનો આપેલાં છે. પાલીતાણામાં રામનગર સંઘની ધર્મશાળામાં રૂમ બંધાવવા માટે અનુદાન આપેલ છે. ઉપરાંત ત્યાં સમવસરણ મંદિરમાં એક દેરી પણ બંધાવેલી છે, સાબરમતીમાં તેમનાં ધર્મપત્ની શાન્તાબેનના નામથી એક ઉપાશ્રય પણ બંધાવેલ છે.

સાધર્મીક ભક્તિ માટે જુદાં જુદાં તીર્થસ્થાનોમાં ભાતાં વહેંચેલ છે, સાધુ સાધ્વીની વૈયાવચ્ચ અને ભક્તિમાં ખુબજ ભાવ હતો, તેમના આંગણેથી આવેલ કોઇ પણ અતિથિને જમાડયા સીવાય તેઓ જવા દેતા નહી.

સામાજીક સેવા કાર્યોમાં અને ખાસ કરીને શૈક્ષણિક સેવા કાર્યોમાં તેઓ ઉંડો રસ ધરાવતા હતા. સાબરમતી વિદ્યામંદિર ટ્રસ્ટમાં તેમણે સહમંત્રી તથા ખજાનચી તરીકે વર્ષો સુધી માનદ સેવાઓ આપી છે. તેમની શિક્ષણમાં રૂચીના પુરાવા તરીકે તાજેતરમાં દાન આપીને રામનગરમાં બંધાવેલ "મણીલાલ ઘેલાભાઇ પરીખ બાલમંદિર" છે.

શ્રી સાબરમતી જૈન સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે વર્ષો સુધી અને પ્રમુખ તરીકે સને ૨૦૩૬થી ૨૦૩૯ સુધી સેવાઓ આપી છે, અવસાન સમયે તેઓશ્રી "શ્રી સત્તાવીશ દશા પોરવાડ વિદ્યામંદિર"ના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા હતા.

શ્રી સાબરમતી કેળવણી ટ્રસ્ટના આજીવન સભ્ય હતા તથા સાબરમતી ડેવલોપમેન્ટ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં પણ અનુદાન કરેલ છે.






॥ શ્રી મહાવીર સ્વામી ॥

શ્રમણ ભગવાન મહાવીર પ્રણિત

# જૈન આચાર-ધર્મના પાયા

: સંપાદક :

કમળાબહેન રતનચંદ સુતરિયા

સદ્વિચાર પરિવાર

અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક
સદ્‌વિચાર પરિવાર
હરિયાપુર ટાવર પાછળ
અમદાવાદ ૩૮૦૦૦૧
ફોન : ૩૮૭૬૭૦

પહેલી આવૃત્તિ ૧૯૮૦
પ્રત ૫૦૦૦

૧ રૂપિયા

મુદ્રક
ભીખાલાલ પટેલ
મધુ પ્રિન્ટરી
દૂધવાળી પોળ, શાહપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

# મનની વાત

સુંદર વસ્તુનું આકર્ષણ અનેરું હોય છે; આનંદ આપનારું હોય છે. આંતરબાહ્ય બન્ને પ્રકારનું સૌંદર્ય પામવા મનુષ્ય પરાપૂર્વથી અનેક રીતે પ્રયત્ન કરતો જ રહે છે.

ગગનચુંબી ઇમારતો જોઈને માનવ કેવો મુગ્ધ બને છે! શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા વગેરે પર્વત ઉપરનાં નયનરમ્ય દેરાસરોનાં દૂરથી પણ દર્શન થતાં એ કેટલી પ્રસન્નતા અનુભવે છે! પરંતુ આપણે કોઈએ ક્યારેય પણ એ વિચાર્યું છે ખરું કે આ ગગનચૂંબી ઇમારતો અને દેરાસરોના પાયા કેટલા મજબૂત હશે? આજે વર્ષો પછી પણ એ ભવ્ય સુંદર ઇમારતો અને દેરાસરો એવાં ને એવાં અડીખમ ઊભાં છે. હા! કોઈ કોઈ વાર અહીંતહીં મરામત જરૂરી બને ખરી, બાકી તો એની મજબૂતાઈ અને અનેરા સૌંદર્યથી સૌંદર્ય-પ્રેમીના આકર્ષણનું કેન્દ્ર બની તેને સતત આકર્ષે છે.

આવું જ કંઈક જૈન ધર્મ વિષે પણ કહી શકાય. વિશ્વધર્મ બનવાની ક્ષમતા ધરાવતો — શક્તિ ધરાવતો જૈન ધર્મ અત્યારે ભલે ભારતમાં જ પોતાનું ક્ષેત્ર વિસ્તારી રહ્યો હોય પણ એના પાયા કેટકેટલા મજબૂત અને ઊંડા છે! અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને

અપરિગ્રહ -- જૈન ધર્મનાં આ મૂળ તત્ત્વો-સિદ્ધાંતો-પાયા કેટલા મજબૂત છે! આજે જૈન ધર્મ જેમણે સ્વીકાર્યો છે એવાં સાધુ-સાધ્વી તેનો પૂર્ણપણે સ્વીકાર કરીને—મહાવ્રત તરીકે સ્વીકાર કરીને—અને શ્રાવક-શ્રાવિકાઓ પોતપોતાની શક્તિ અનુસાર તે જ સિદ્ધાંતોનો અંશતઃ સ્વીકાર કરીને-અણુવ્રત તરીકે સ્વીકારીને અનેરું આત્મિક સૌંદર્ય-આત્મસુખ પ્રાપ્ત કરવા યત્ન કરી રહ્યાં છે. જૈન ધર્મ શબ્દની મર્યાદા છોડી દઈને એના તત્ત્વને પકડીએ તો આ પાંચ મહાવ્રત-અણુવ્રતના પાયાનું દર્શન કરી, વિશ્વ ભલે પૂર્ણતયા નહિ તો અંશતઃ પણ જો તેનો સ્વીકાર કરે તો આજના અશાંત, દુઃખી, અનેકવિધ તાપથી તપતા વિશ્વને અપૂર્વ એવી સુખદ શાંતિનો અવનવો અનુભવ જરૂર થાય. આત્મિક સૌંદર્યના આ પાંચ પાયા માનવ મનનું, જગતનું સમગ્ર દુઃખ હરી શાશ્વત સુખની અનુભૂતિ કરાવે એવા સમર્થ છે.

માનવીની દોડ પણ શાને માટે છે? આ આત્મિક સુખની પ્રાપ્તિ માટે જ ને? આ વિચારથી પ્રેરાઈને જ જૈન ધર્મનાં આ પાંચ વ્રતો તરફ શ્રમણ ભગવાન મહાવીરના શબ્દોમાં અંગૂલિનિર્દેશ કરવાનો અહીં નમ્ર પ્રયત્ન કર્યો છે. આશા છે કે જિજ્ઞાસુ જીવોને કંઈક અંશે તે માર્ગદર્શક બની રહેશે.

સદ્‌વિચાર પરિવારના જિજ્ઞાસુ અને ઉત્સાહી કાર્યકરોની પ્રેરણા અને સતત આગ્રહથી, શ્રમણ ભગવાન મહાવીરના સિદ્ધાંતોનાં મૂળ તત્ત્વોની જનતાને જાણ થાય અને તેમને ઉપયોગી તેમ જ ઉપકારક બની રહે એ રીતે મારે એક નાનકડી માર્ગદર્શિકા તૈયાર કરી આપવી, એ ભાવનાને આ રીતે મૂર્ત સ્વરૂપ આપવાનો યત્કિંચિત્ પ્રયત્ન કર્યો છે. 'જ્ઞાતાધર્મકથા', 'આચારાંગ', 'સૂત્રકૃતાંગ', 'ઉત્તરાધ્યયન' વગેરે સંપાદિત થયેલાં પુસ્તકો પરથી અને પંડિત શ્રી બેચરદાસ સંપાદિત 'મહાવીર-વાણી' અને શ્રમણ ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષના ઉત્સવ નિમિત્તે આચાર્ય શ્રી વિનોબાજીએ તૈયાર કરાવેલ 'સમણ-સુત્ત' પુસ્તકનો આશ્રય લઈ આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકા તૈયાર કરવાના આગ્રહને કારણે મને પણ ભગવાન મહાવીરની વાણીનો, તેનાં સત્ત્વ અને સિદ્ધાંતોનો, વ્રતોના મર્મનો અભ્યાસ કરવાની એક અનેરી તક મળી એ માટે એ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સૌંદર્યપ્રેમી માનવને આ નાનકડી પુસ્તિકા ભલે અંશતઃ પણ આત્મિક સૌંદર્યનો અનુભવ કરાવવા શક્તિમાન થશે એ જ આ પ્રયત્નની સાર્થકતા. અને એનું સઘળું શ્રેય અર્પું છું સદ્‌વિચાર પરિવારને.

**કમળા રતનચંદ સુતરિયા**

૧૮, ગાંધીકુંજ સોસાયટી
પ્રીતમરાય રોડ,
એલિસબ્રિજ,
અમદાવાદ–૬
૨–૧૦–૭૯

# અનુક્રમ


મનની વાત ૩
मङ्गलं ७

**પાંચ મહાવ્રત**

૧. અહિંસા ૮
૨. સત્ય ૧૧
૩. અચૌર્ય ૧૪
૪. બ્રહ્મચર્ય ૧૫
૫. અપરિગ્રહ ૧૮

**પાંચ દૃષ્ટાંત-કથા**

૧. તુંબડાં ૨૩
૨. બે કાચબા ૨૫
૩. બે ઇંડાં ૨૮
૪. અશ્વો ૩૧
૫. શ્રેષ્ઠ શ્વેત કમળ ૩૩

**મહાવીર વાણી**

મહાવીર વાણી ૩૮

# मङ्गलं

अरिहंता मंगलम् ।
सिद्धा मंगलम् ।
साहु मंगलम् ।
केवलिपन्नतो मंगलम् ।

અરિહંતો મંગળ છે.
સિદ્ધો મંગળ છે.
સાધુઓ મંગળ છે.
કેવલીઓએ નિરુપેલો ધર્મ મંગળ છે.

अरिहंत सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवलिपन्नतं धम्मं पवज्जामि ।

અરિહંતોનું શરણ સ્વીકારું છું.
સિદ્ધોનું શરણ સ્વીકારું છું.
સાધુઓનું શરણ સ્વીકારું છું.
કેવળીએ નિરુપેલ ધર્મનું શરણ સ્વીકારું છું.

# ૧. અહિંસા

૧. તે તે ધર્મસ્થાનોમાં ભગવાન મહાવીરે પ્રથમ સ્થાન અહિંસાનું બતાવેલું છે. નાનામોટા જીવો સાથે સંયમપૂર્વક વ્યવહાર કરવાની પ્રવૃત્તિમાં અહિંસાને તેમણે પ્રથમ સ્થાન આપ્યું છે.

૨. આ દુનિયામાં જેટલાં ત્રસ પ્રાણીઓ છે અથવા જેટલાં સ્થાવર પ્રાણીઓ છે; જાણતાં અજાણતાં તેમને કોઈને હણવાં નહિ; તેમ જ બીજા પાસે હણાવવાં નહિ.

૩. પરિગ્રહધારી મનુષ્ય પોતે જાતે પ્રાણીના પ્રાણને હણે છે, અથવા બીજા પાસે હણાવે છે અથવા હણવા તરફ પોતાની સંમતિ દર્શાવે છે; અને એમ કરીને તે પોતાનું વેર વધારે છે.

૪. જગતમાં રહેલા ત્રસ જીવો વડે અથવા સ્થાવર જીવો વડે પીડા પામવા છતાંય તેમની ઉપર મનથી, વચનથી કે કાયાથી દંડનો પ્રવેશ કરવો જોઈએ નહિ.

૫. બધા જીવો જીવવા ઇચ્છે છે; કોઈ જીવ મરવા ઈચ્છતો નથી; તેથી નિર્ગ્રંથો ભયંકર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે.

૬. બધી બાજુએથી આવી પડનારાં બધાં સુખદુઃખોનું મૂળ આપણાં અંતરમાં છે એમ જાણીને અને

પ્રાણીમાત્રને એક પોતાનો જીવ વહાલામાં વહાલો છે એમ સમજીને, જેઓ ભય અને દ્વેષના દોષોથી નિવૃત્ત થયેલા છે તેઓ પ્રાણીના પ્રાણને હણતા નથી.

૭. મતિમાન મનુષ્યે તમામ પ્રકારની યુક્તિઓથી વિચારીને અને તમામ પ્રાણીઓને દુઃખ ગમતું નથી તે હકીકતને પોતાના જાત-અનુભવથી સમજીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી.

૮. કોઈને પણ પીડા ન કરવી એ ખરેખર જ્ઞાનીના માટે સારરૂપ છે; અહિંસાનું એટલું તાત્પર્ય સમજાય તોય ઘણું છે.

૯. દુઃખો હિંસાથી જન્મેલાં છે; વેરને વધારનારાં છે અને મહાભયંકર છે એમ જાણીને સમજણવાળો બુદ્ધિમાન મનુષ્ય પોતાની જાતને પાપથી અટકાવે.

૧૦. દુનિયાનાં તમામ પ્રાણીઓ તરફ – પછી ભલે તે કોઈ શત્રુ હોય અથવા મિત્ર હોય – સમભાવે વર્તવું, એનું નામ અહિંસા છે. એવી અહિંસામાં એટલે કે સમભાવમાં રહીને તમામ પ્રાણીઓને પીડા કરવાની પ્રવૃત્તિનો ત્યાગ – નાનીમોટી તમામ પ્રકારની હિંસાનો ત્યાગ જિંદગી પર્યંત ટકાવવો–નિભાવવો દુષ્કર છે.

૧૧. જે મનુષ્ય પોતાની જાતના સુખ માટે ત્રસ પ્રાણીઓનો કે સ્થાવર પ્રાણીઓનો ક્રૂરભાવે ઘાત કરે છે એ ઘોર હિંસક અને ચોર બને છે. એઓએ

પોતે આદરવાનાં માનેલાં વ્રતોનું લેશ પણ પાલન નથી કરી શકતા.

૧૨. જ્ઞાન લેવાનો સાર એ જ છે કે (એ) કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે; એટલું જાણવું બસ થશે કે અહિંસાપૂર્વક સમતા જ ધર્મ છે. અથવા એ જ અહિંસાનું વિજ્ઞાન છે.

૧૩. જેવી રીતે તમને પોતાને દુઃખ ગમતું નથી, એવી રીતે બીજા જીવોને પણ દુઃખ ગમતું નથી. આવું જાણી પૂરા આદર અને સાવધાનીથી આત્મૌપમ્યની દૃષ્ટિથી દરેક પર દયા રાખો.

૧૪. જેને તું હણવા યોગ્ય માને છે તે તું પોતે જ છે. જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે તે પણ તું પોતે જ છે.

૧૫. જિનેશ્વરદેવે કહ્યું છે કે, રાગ વગેરેની અનુત્પત્તિ એ અહિંસા છે, અને રાગ વગેરેની ઉત્પત્તિ તે હિંસા છે.

૧૬. હિંસા કરતાં હિંસાના ભાવ – વિચાર જ પરિણામ એ જ હિંસા છે. માટે જ્યાં પ્રમાદ છે, ત્યાં નિત્ય હિંસા છે.

૧૭. મેરુ પર્વતથી ઊંચું અને આકાશથી પણ વિશાળ જગતમાં કશું નથી. તેવી જ રીતે અહિંસા સમાન (જગતમાં) બીજો કોઈ ધર્મ નથી.

૧૮. અહિંસા તમામ આશ્રમોનું હૃદય, તમામ શાસ્ત્રોનું રહસ્ય તથા તમામ વ્રતો અને ગુણોનો પિંડભૂત સાર છે

## ૨. સત્ય

૧. નિરંતર અપ્રમાદી બનીને અને સદા સાવધાન રહીને અસત્યનો ત્યાગ કરવો તથા હિતકારી સત્ય બોલવું અઘરું જણાય છે.

૨. પોતાને માટે કે પારકાને માટે ક્રોધના આવેશમાં આવીને અથવા ભય પામીને કોઈની હિંસા થાય એવું અસત્ય વચન બોલવું નહિ; બીજા પાસે બોલાવવું પણ નહિ.

૩. બધા સજ્જન લોકોએ અસત્ય વચનને વખોડેલું જ છે. અસત્ય વચન પ્રાણીઓમાં અવિશ્વાસને પેદા કરનાર છે તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

૪. પોતે પોતાને માટે અથવા પારકાને માટે અથવા એમાંથી ગમે તેને માટે પૂછવામાં આવે તો પાપ-વાળું વચન બોલવું નહિ. એ જ પ્રકારે નિરર્થક વચન અથવા તો મર્મભેદી વચન પણ બોલવું નહિ.

૫. કોઈ પણ મનુષ્યે ક્રોધના આવેશમાં આવીને કે લોભમાં ખેંચાઈને, તપને લીધે કે મશ્કરીમાં અગર તો અમસ્તું હસતાં હસતાં અથવા હસાવતાં હસા-વતાં પણ પાપને વખાણનારી, 'આમ જ કરી

નાખીશ' એવા નિશ્ચયવાળી અને બીજાનો ઘાત કરનારી ભાષા બોલવી નહિ.

૬. આત્માર્થી મનુષ્યે પોતે જોયેલી વાત પણ પરિમિત શબ્દોમાં, સંદેહ ટળે એ રીતે, તમામ રીતે અને પૂરેપૂરી, સર્વ માટે સ્પષ્ટતાવાળી, બડબડાટ વિનાની અને ઉદ્વેગ ન કરે એવી ભાષામાં કહેવી.

૭. ભાષાના દોષોને અને ગુણોને જાણીને તેના(ભાષાના) દોષોને સદા તજી દેવા. છકાયના જીવો સાથે સંયમથી રહેનાર સદા સાવધાન અને આત્મશુદ્ધિ માટે શ્રમ કરનાર સમજદાર મનુષ્ય સર્વ જીવોને અનુકૂળ એવી હિતકારી ભાષા જ બોલે.

૮. પોતાની મેળે સમજીને અથવા સંતજનો પાસેથી સાંભળીને પ્રજાનું હિત કરે એવી ધર્મમય ભાષા બોલવી; ધર્મનું આચરણ કરીને કે આકરું તપ કરીને આ જન્મમાં કે આવતા જન્મમાં ધનની પુત્રની કે ભોગોની આશા કરવી, એનું નામ નિદાનપ્રયોગ કહેવાય. આવા નિદાનપ્રયોગોને સંતપુરુષોએ વખોડી કાઢેલા છે. માટે સારી રીતે ધીરતાપૂર્વક ધર્મનું આચરણ કરનાર મનુષ્યો એવા નિદાનપ્રયોગોને સેવતા નથી.

૯. મુનિજન પોતાની વચનશુદ્ધિનો વિચાર કરે, દુષ્ટ ભાષાનો હંમેશાં ત્યાગ કરે, અને માપસર, દોષ

વિનાનાં વચન વિચારીને બોલે. આવું બોલનારો સંતપુરુષોની વચ્ચે પ્રશંસાને પામે છે.

૧૦. તે જ પ્રમાણે કાણાને 'કાણો' ન કહેવો, નિર્બળને 'નિર્બળ' ન કહેવો, રોગીને 'રોગી' ન કહેવો અને ચોરને 'ચોર' ન કહેવો.

૧૧. ખોટી વાતને પણ સાચી હોય તે પ્રકારનો ઓપ ચડાવીને બોલનારો મનુષ્ય પાપથી ખરડાય છે, તો પછી નરાતાળ ખોટું જ બોલે તેના માટે શું કહેવું ?

૧૨. તે જ પ્રકારે, પ્રાણીઓને ભારે આઘાત પહોંચાડે તેવી કઠોર ભાષા કદાચ સાચી હોય તો પણ બોલવી નહિ. કારણ કે એવી કઠોર ભાષાથી ઘણી વાર પાપ થવાનો – લાગવાનો સંભવ છે.

૧૩. સ્વયં પોતે પોતાને માટે અથવા બીજાને માટે પણ ક્રોધ વગેરે આવી જાય ત્યારે અથવા તો ક્રોધને આધીન થઈને હિંસાત્મક અસત્ય વચન ન તો પોતે બોલવું જોઈએ અને ન તો બીજાની પાસે બોલાવવું જોઈએ.

૧૪. સત્ય અણુવ્રતી વિચાર્યા વિના સહસા કોઈ વાત – છૂપી વાત – કહી દેતો નથી : પોતાની પત્નીની કોઈ ગુપ્ત વાત મિત્રો વગેરેમાં પ્રગટ કરતો નથી. મિથ્યા (અહિતકારી) ઉપદેશ આપતો નથી અને કૂટ લેખક્રિયા ( ખોટા હસ્તાક્ષર અથવા દસ્તાવેજ) કરતો નથી.

૧૫. સ્થૂળ અસત્યવિરતિ બીજું અણુવ્રત છે. કન્યા, ગો (પશુ) તથા ભૂમિની બાબતમાં જૂઠું બોલવું; કોઈની પણ થાપણ ઓળવવી અને જૂઠી સાક્ષી આપવી – આ બધાના ત્યાગને સ્થૂળ અસત્યવિરતિ કહે છે.

## ૩. અચૌર્ય

૧. વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, થોડી હોય યા વધારે હોય, બીજી વસ્તુઓની બાબતમાં તો શું, પરંતુ દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુને પણ, તેના માલિકને પૂછ્યા સિવાય સંયમવાળા મનુષ્યો પોતે જાતે લેતા નથી, બીજા પાસે લેવરાવતા નથી, અને જો કોઈ લેતું હોય તો તેને સંમતિ પણ આપતા નથી.

૨. ઊંચી નીચી અને તીરછી દિશાઓમાં ચારે બાજુ જે ત્રસ પ્રાણો છે અને જે સ્થાવર પ્રાણો છે તે તમામ તરફ હાથ અને પગને સંયમમાં રાખીને વર્તનારાએ બીજાઓ પાસેથી તેમણે નહિ આપેલું એવું કાંઈ પણ લેવું નહિ.

૩. દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુ પણ માલિક–ને પૂછ્યા વગર અથવા તો માલિકના આપ્યા વિના આણી હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ: તો પછી મોટી વસ્તુઓની તો શી વાત? સંયમીએ

પોતાને ખપે એવી નિર્દોષ વસ્તુઓને શોધી શોધીને લેવી એ ભારે દુષ્કર છે.

૪. અચૌર્યાણુવ્રતી શ્રાવકે ન તો ચોરીનો માલ ખરીદવો જોઈએ કે ન તો કોઈને ચોરી કરવા માટે પ્રેરવો જોઈએ. તેમ જ રાજ્ય વિરુદ્ધ અર્થાત્ ટૅકસ – કર વગેરેની ચોરી કે નિયમ વિરુદ્ધનું કોઈ કાર્ય કરવું ન જોઈએ. વસ્તુઓમાં ભેળસેળ વગેરે ન કરવી જોઈએ. ખોટા સિક્કા ન બનાવવા જોઈએ.

૫. ગામ, નગર અથવા અરણ્યમાં બીજાની વસ્તુને જોઈને એને ગ્રહણ કરવાના ભાવને તજનારા સાધુનું એ ત્રીજું અચૌર્ય વ્રત કહેવાય.

## ૪. બ્રહ્મચર્ય

૧. જે માણસ કામભોગના રસનો જાણકાર છે, અનુભવી છે, તે અબ્રહ્મચર્યનો ત્યાગ કરે અને ઉગ્ર બ્રહ્મચર્યને સ્વીકારે એ ભારે દુષ્કર છે.

૨. જે મનુષ્ય પોતાના ચિત્તને શુદ્ધ કરવા પોતાના સ્વરૂપની શોધ કરવા તત્પર બન્યો છે, તેને માટે દેહનો શણગાર, ખાતાં જ પ્રાણ જાય એવા તાલપુટ ઝેર જેવો ભયંકર છે. વળી તેને માટે સ્ત્રીઓના સંસર્ગ પણ એવા જ ઝેર જેવા ભયંકર છે, તેમ જ તેને માટે ઉત્તેજક સ્વાદવાળું તથા દૂધ, ઘી,

માખણ અને વિવિધ મીઠાઈઓ વગેરેથી યુક્ત વિધવિધ ભોજન પણ એવા જ ઝેર જેવાં ભયંકર છે.

૩. આત્મશોધન માટે શ્રમ કરનાર તપસ્વીએ પોતાના ચિત્તમાં સ્ત્રીઓને અને તપસ્વિનીએ પુરુષને લક્ષમાં રાખીને તેમનાં રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, જલ્પન, ચેનચાળા કે કટાક્ષોને જોવાનો પ્રયાસ કદી ન કરવો.

૪. સ્ત્રીઓ તરફ રાગવૃત્તિથી નજર ન કરવી: તેમ જ સ્ત્રીઓની અભિલાષા ન કરવી, તેમ એમનો વિચાર પણ ન કરવો; અને તેમનું કીર્તન પણ ન કરવું– એ બધું બ્રહ્મચર્યપાલન માટે તત્પર થયેલા મનુષ્યોને સારુ સદા હિતરૂપ છે અને આર્યધ્યાન સાધવાની યોગ્ય ભૂમિકારૂપ છે.

૫. જેમાં દૂધ, ઘી, મલાઈ વગેરે ચીકાશવાળા રસદાર પદાર્થો ભારોભાર આવતા હોય એવા પ્રણિત ભોજન અને પીણાં તો તરત જ ઉત્તેજન કરનારાં નીવડે છે: માટે બ્રહ્મચર્યપરાયણ વ્યક્તિએ એવા પ્રકારનાં ભોજન તેમ જ પીણાંનો નિરંતર ત્યાગ જ કરવો ઘટે.

૬. ધર્મપૂર્વક પ્રાપ્ત કરેલું, પરિમિત, વખતસર અને સંયમનો નિર્વાહ કરવા પૂરતું તથા સાધક માટે ખાનપાનની જે મર્યાદા સંતોએ બતાવેલી છે, તે કરતાં ન્યૂન કે અધિક નહિ એવું ભોજન અને

પાન, ધ્યાન, સમાધિસાધક બ્રહ્મચર્યપરાયણ તપસ્વીએ હંમેશાં લેવું ઘટે.

૭. માત્ર શરીરની શોભારૂપ શણગારને તપસ્વીએ તજવો ઘટે. બ્રહ્મચર્યપરાયણ તપસ્વી એવી કોઈ શોભાને કે આડંબરને કેવળ શણગાર માટે ન ધારે.

૮. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ–એ પાંચે પ્રકારના કામગુણોને તપસ્વી કેવળ કોઈ વાસનાની, વિલાસની દૃષ્ટિએ સદા તજી દે.

૯. વાસનાઓ અને ભોગો ઝટપટ જીતી શકાય એવાં નથી; માટે તપસ્વીએ તેનો સદા ત્યાગ કરવો : ધ્યાન-સમાધિને સાધનારા તપસ્વીએ પોતાની સાધનામાં વિઘ્ન કરનારાં જે જે ભયસ્થાનો હોય તે તમામનો ત્યાગ કરવો.

૧૦. સ્વસ્ત્રીમાં સંતુષ્ટ બ્રહ્મચર્યાણુવ્રતી શ્રાવકે વિવાહિત કે અવિવાહિત સ્ત્રીથી સર્વથા દૂર રહેવું જોઈએ : અનંગક્રિડા કરવી ન જોઈએ. પોતાનાં સંતાન સિવાય બીજાના વિવાહાદિક કરાવવામાં રસ ન લેવો જોઈએ. કામ સેવવાની તીવ્ર લાલસાઓનો પણ ત્યાગ કરવો જોઈએ.

૧૧. ઘરડી સ્ત્રી, બાળા અને યુવાન સ્ત્રી કે તેની છબી વગેરે જોઈને એને માતા, પુત્રી અને બહેન સમાન

ગણવી. તથા સ્ત્રીની વાતોથી નિવૃત્ત થવું – દૂર રહેવું એનું નામ બ્રહ્મચર્યવ્રત. આ બ્રહ્મચર્યવ્રત ત્રણેય લોકમાં પૂજવાલાયક વસ્તુ છે.

## ૫. અપરિગ્રહ

૧. તપસ્વી પોતાના સંયમની સાધના માટે અથવા તેના નિર્વાહ માટે જે કાંઈ ઉપકરણો – સાધનસામગ્રી પોતાની પાસે રાખે છે તેને જ્ઞાતપુત્ર મહાવીરે પરિગ્રહરૂપે કહેલ નથી, ગણેલ નથી. પણ એ સામગ્રીમાં મૂર્છા જ પરિગ્રહરૂપ છે; એવું તેઓશ્રીએ જણાવેલ છે.

૨. ધનના, ધાન્યના અને નોકરચાકરના પરિગ્રહનો ત્યાગ કરવો, તમામ પ્રકારના આરંભ સમારંભોનો ત્યાગ કરવો, મમતા વગરની વૃત્તિ કેળવવી એ ઘણું જ દુષ્કર છે.

૩. ચિત્તશુદ્ધિ જેનું ધ્યેય છે એવા સાધકો જોકે પોતાની પાસે વસ્ત્ર, પાત્ર, કંબલ કે રજોહરણ વગેરે ઉપકરણો રાખે છે; પરંતુ તે કેવળ સંયમના રક્ષણ માટે જ રાખે છે અને તે ઉપકરણોને કેવળ સંયમના રક્ષણ માટે જ ફેંકી પણ દે છે. (ઉપકરણોનું હોવું–ન હોવું એ માત્ર સંયમના રક્ષણ માટે જ છે : મહત્તા ઉપકરણોની નથી, પણ સંયમની છે.)

૪. જ્ઞાનીપુરુષો તમામ પ્રકારની ઉપાધિના એટલે કે વસ્ત્ર, પાત્ર વગેરે સાધનસામગ્રીના સ્વીકારમાં કે તેને સાચવવામાં આસક્તિ – મમતા રાખતા નથી, જેઓ પોતાના દેહમાં પણ મમતા ધરાવતા નથી તેઓ શું આવી નજીવી સાધનસામગ્રીમાં મમતા રાખે ?

૫. પોતાના સંયમની મર્યાદાનો ભંગ કરીને ગમે તે કોઈ પણ વસ્તુનો સંઘરો કરવાનું મન થવું એ પોતાના ચિત્તમાં ઊંડે ઊંડે રહેલા લોભની જ ઝલક છે, એમ હું માનું છું. માટે હું એમ કહું છું કે જેઓ એવી સંગ્રહ કરવાની વૃત્તિવાળા છે તેઓ પ્રવ્રજિત થયેલા નથી.

૬. સજીવ કે નિર્જીવ એવી કોઈ પણ ચીજનો પોતે પરિગ્રહ કરીને એ વિશે જે કોઈ, બીજાને પણ તેમ કરવાની સંમતિ આપે છે તે કદી પણ દુઃખથી છૂટો થઈ શકતો નથી.

૭. જેમ ભ્રમરો વૃક્ષમાં વિવિધ ફૂલોમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે, છતાં ફૂલોનો વિનાશ કરતા નથી (ફૂલોને ઓછામાં ઓછી પીડા થાય એ રીતે વર્તે છે) તેમ શ્રેયાર્થી મનુષ્યે પણ પોતાની વ્યાવહારિક પ્રવૃત્તિઓ કરતાં પોતાના

સહાયકોમાંથી એવી રીતે લાભ ઉઠાવવો ઘટે અને પોતાની જાતને એવી રીતે નભાવવી ઘટે જેથી એ પોતાનાં સહાયકરૂપ આલંબનોનો વિનાશ ન થઈ જાય. તેમને ઓછામાં ઓછી પીડા – ક્લેશ વા તકલીફ થાય એમ વર્તવું ઘટે.

૮. અપરિમિત પરિગ્રહ અનંત તૃષ્ણાનું કારણ છે અને બહુ જ દોષયુક્ત છે, તથા નરક-ગતિનો માર્ગ છે. એટલા માટે પરિગ્રહ-પરિમાણવ્રતી વિશુદ્ધચિત્ત શ્રાવકે ક્ષેત્ર, મકાન, સોના-ચાંદી, ધન-ધાન્ય, દ્વિપદ-ચતુષ્પદ તથા ભંડાર (સંગ્રહ) વગેરે પરિગ્રહના અંગીકૃત પરિમાણનું અતિક્રમણ કરવું જોઈએ નહિ.

૯. નિરપેક્ષ ભાવે ચારિત્ર્યના ભારને જે વહે છે તે તપસ્વીનો બાહ્ય અને આભ્યંતર સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ એનું નામ પાંચમું પરિગ્રહત્યાગ નામનું વ્રત છે.

૧૦. મોક્ષની ઇચ્છા રાખનાર માટે 'શરીર એ પણ પરિગ્રહ છે', એવું કહીને એની ઉપેક્ષા કરવાનું ભગવાન અરિહંત દેવે કહ્યું છે, તો પછી બીજા પરિગ્રહની ઉપેક્ષા કરવાની વાત જ શી ?

૧૧. જે અનિવાર્ય છે, જે અસંયમી જનો માટે અપ્રાર્થનીય છે; મમત્વાદિ પેદા કરતી નથી એવી વસ્તુ તપસ્વી માટે ઉપાદેય છે. આનાથી વિરુદ્ધ થોડામાં થોડો પરિગ્રહ પણ એને માટે ગ્રહણ કરવા લાયક નથી.

૧૨. ભગવાન મહાવીરે પરિગ્રહને પરિગ્રહ નથી કહ્યો. એ મહર્ષિએ (વસ્તુ પ્રત્યેની) મૂર્છાને પરિગ્રહ કહ્યો છે.

૧૩. તપસ્વી લેશમાત્ર પણ સંગ્રહ ન કરે. પક્ષીની માફક સંગ્રહથી કેવળ નિરપેક્ષ રહીને સંયમનાં ઉપકરણોને લઈને વિચરે.

૧૪. પરિગ્રહને કારણે જીવ હિંસા કરે છે; અસત્ય બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે અને અત્યંત આસક્તિ કરે છે. (આ પ્રમાણે પરિગ્રહ પાંચેય પાપોનું મૂળ છે – જડ છે.)

૧૫. સજીવ કે નિર્જીવ સ્વલ્પ વસ્તુનો પણ જે પરિગ્રહ રાખે છે, અથવા બીજાને એમ કરવાની અનુજ્ઞા આપે છે, તે દુઃખથી મુક્ત થતો નથી. (દુઃખી થાય છે.)

૧૬. જે પરિગ્રહની દૃષ્ટિનો ત્યાગ કરે છે, તે જ પરિગ્રહને ત્યાગી શકે છે. જેની પાસે પરિગ્રહ નથી એ તપસ્વીએ મુક્તિમાર્ગનું દર્શન કર્યું છે.

૧૭. સંપૂર્ણ પરિગ્રહથી મુક્ત, શીતીભૂત (થીજી ગયેલો) પ્રસન્નચિત્ત તપસ્વી જેવું મુક્તિસુખ પામે છે તેવું સુખ ચક્રવર્તીને પણ મળતું નથી.

૧૮. જેવી રીતે હાથીને કાબૂમાં લાવવા માટે અંકુશ અને શહેરની રક્ષા માટે ખાઈ છે, તેવી રીતે ઇન્દ્રિય-નિવારણ માટે પરિગ્રહનો ત્યાગ કહેવામાં આવ્યો છે. પરિગ્રહ-ત્યાગથી ઇન્દ્રિયો કાબૂમાં આવે છે.

## ૧. તુંબડાં

તુંબડું તો જોયું છે ને? અને એ પણ સાંભળ્યું જ હશે કે તુંબડું પોતે તરવાની – અગાધ પાણીમાં તરવાની અને તારવાની પણ વિશિષ્ટ એવી શક્તિ ધરાવે છે. પણ ક્યારે? ચાલો એ વિષે ભગવાન મહાવીર શું કહે છે તે સાંભળીએ.

એક મોટા, સૂકા, કાણા વિનાના તુંબડાને લઈએ. એ તુંબડાની ઉપર તરેહ તરેહના, જુદી જુદી જાતના લેપ કરીએ. સૌથી પ્રથમ એને ઘાસથી વીંટીએ. પછી એના પર માટીનો લેપ કરીએ. ત્યાર બાદ એને તડકે સૂકવીએ. ફરી પાછો એના પર બીજો લેપ કરીએ. આમ તો આપણે સૌ જાણીએ છીએ કે તુંબડું પાણીમાં તરે એવું હોય છે. પણ આપણે એને ઘાસથી વીંટ્યું, અનેક પ્રકારના એના પર લેપ લગાવ્યા. આથી શું થયું? તુંબડું ભારેખમ થઈ ગયું. હવે આપણે એને કોઈ નદીના જળમાં, સરોવરમાં કે સાગરનાં પાણી પર તરતું મૂકીએ. શું થશે? તરત જ ડૂબી જશે. આમ તો તુંબડું પોલું છે, એનો સ્વભાવ તો તરવાનો છે, ત્યારે આમ કેમ થયું? પ્રશ્ન થયો ને? પરંતુ જુઓ હવે શું થાય છે. તે ડૂબી ગયેલા તુંબડા પરથી પાણીના સ્પર્શને કારણે

એની પર કરવામાં આવેલા લેપ ધીમે ધીમે ભીંજાતા જાય છે, ઊખડતા જાય છે. અને જેમ જેમ લેપ ઊખડતો જાય છે તેમ તેમ તે તુંબડું પાણીની સપાટી પર આવતું જાય છે. આમ પોતાને લાગેલો લેપ ઓગળી જતાં તુંબડું હળવું બને છે; પાણીની સપાટી પર તરવા લાગે છે. આ છે એનો મૂળ સ્વભાવ.

ભગવાન મહાવીર કહે છે : હે ગૌતમ ! આ જ પ્રમાણે જીવો–મનુષ્યો પણ હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહ, અબ્રહ્મચર્ય વગેરે લેપોથી લપેટાઈને ભારે બની જાય છે. આવા લેપોથી લપેટાયેલા જીવો સંસારસાગરમાં ડૂબી જાય છે. પરંતુ પાણીમાં પડેલા તુંબડા ઉપરના લેપ જેમ જેમ પીગળતા જાય છે તેમ તેમ તે ધીમે ધીમે ઊંચું આવતું જાય છે અને છેવટે તરવા લાગે છે એ જ પ્રકારે અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય વગેરે ગુણોથી જ્યારે જીવ સંયુક્ત થાય છે – ગ્રહણ કરે છે ત્યારે આગળ દર્શાવેલા દુર્ગુણો ઓછા થતા જાય છે અને જો જીવ ધારે અને પુરુષાર્થ કરે તો એ દુર્ગુણો નિર્મૂળ થઈ શકે છે,–મુક્ત થઈ શકે છે. આમ થતાં જ જીવ પોતાના અસલ સ્વભાવમાં – મૂળ સ્વરૂપમાં – આત્મસ્વરૂપમાં આવી જાય છે અને આ અસાર સંસારને તરી જાય છે. ભવ-મુક્ત થાય છે.

## ૨. બે કાચબા

જળવાસી કાચબા તો જોયાં છે ને ? જોકે નગર-વાસી મનુષ્યો માટે કાચબાનું દર્શન ભાગ્યે જ શક્ય બને. જળચર એવું આ પ્રાણી કોઈ કોઈ વાર કિનારાની હવાની મોજ માણવા પાણીમાંથી બહાર પણ નીકળી આવે છે. બહારની હવા ખાવામાં રહેલી પ્રાણહાનિના ભયનો એને ખ્યાલ હોય છે. અને એટલે જ તો ઇન્દ્રિય-નિગ્રહની પોતાની વિશિષ્ટ શક્તિનો આવા પ્રસંગે ચતુરાઈપૂર્વક ઉપયોગ કરે છે. પણ એમાં જો એ જરા પણ ગાફેલ રહે તો ? પરિણામ ? ચાલો જોઈએ એનું પરિણામ—

કાશી નગરીમાં ગંગાકિનારે એક ખૂબ મોટો ધરો હતો. આ ધરામાં અનેક જાતનાં સુંદર પુષ્પો હતાં, તો સાથે માછલાં, કાચબા, મગર વગેરે જળચર પ્રાણીઓનો વાસ હતો.

આ ધરાની પાસે આવેલા જંગલમાં બે ક્રૂર, લુચ્ચાં શિયાળ રહેતાં હતાં. અંધારું થાય એટલે જળચર પ્રાણીઓને પકડવા માટે ધરા પાસે આવી ટાંપીને બેસી જાય. જેવું જળચર પ્રાણી પાણીની બહાર નીકળે કે તરત જ તરાપ મારી પકડી લે અને આરામથી આરોગી જાય. આ રીતે તેઓ પોતાનો જીવનનિર્વાહ ચલાવતાં. આમ આ બે

શિયાળ દિવસે છુપાઈ રહેતાં, પણ રાત પડે કે તરત જળચરોને પકડવા ધરા પાસે આવી પહોંચતાં.

આ રીતે એક રાત્રે બન્ને શિયાળ ધરા પાસે ટાંપીને – રાહ જોઈને બેઠાં હતાં. ક્યારે કોઈ જળચર પ્રાણી બહાર નીકળે ને પોતાનું કાર્ય થાય, મનુષ્યોનો પગરવ બંધ થઈ ગયો હતો. જળ જંપી ગયું હતું. બધું વાતાવરણ શાંત હતું. આથી રાતના આ નીરવ આનંદનો આહ્લાદ માણવા બે કાચબા ધરાની બહાર નીકળ્યા, આસપાસ ટહેલવા લાગ્યા. આ જોતાં જ આ તકની રાહ જોઈ રહેલાં શિયાળોએ કાચબાઓ પાસે આવી તરાપ મારી. પણ શિયાળોના પગનો અવાજ સંભળતાં જ ચકોર કાચબાઓએ પોતાના બે હાથ, બે પગ, અને ડોક એમ પાંચે અંગ પોતાની ઢાલ નીચે છુપાવી દીધાં અને હાલ્યાચાલ્યા વિના જ એક જગાએ પડી રહ્યા.

શિયાળોએ કાચબાઓને વારંવાર હલાવ્યા, બચકાં ભર્યાં અને નખ પણ મારી જોયા પરંતુ કાંઈ ન વળ્યું. છેવટે થાકીને હવે કાચબાઓ ફરીથી હાલેચાલે ત્યારે તેમને હણવા એવો વિચાર કરી થોડે છેટે એકાંતમાં છુપાઈને બેસી ગયાં.

આમ ને આમ થોડો સમય પસાર થઈ ગયો. હવે શિયાળ ચાલ્યાં ગયાં હશે એમ સમજી એક કાચ-બાએ પોતાનાં હાથ, પગ, ડોકું બહાર કાઢ્યાં. આ

જોતાં જ એક શિયાળે એકદમ આવીને તેના હાથપગ વગેરે કરડી ખાધા અને એ કાચબાનો નાશ કર્યો.

હવે બીજો કાચબો ક્યારે પોતાના પગ વગેરે બહાર કાઢે અને પોતે એને પણ પૂરો કરી જાય તેની રાહ જોતું બીજું શિયાળ દૂર સંતાઈ રહ્યું; પરંતુ આ બીજો ચતુર કાચબો તો પોતાનો એકે અવયવ બહાર ન કાઢતાં કેટલોક વખત ત્યાં ને ત્યાં નિશ્ચેષ્ટની માફક પડી જ રહ્યા. આશા-ભર્યા શિયાળે ચાર-પાંચ વાર આંટાફેરા ખાધા પરંતુ તેનું કાંઈ વળ્યું નહિ. છેવટે કંટાળીને હતાશ થઈને ચાલ્યું ગયું.

શિયાળો ચાલ્યાં ગયાં છે એમ લાગવા છતાં આ કાચબાએ હજી થોડો સમય પસાર થવા દીધો. પછી ધીરે ધીરે પોતાની ડોક ઊંચી કરીને ચારે તરફ નજર નાખી લીધી. આસપાસ કોઈ જણાતું નથી એવી ખાતરી થતાં ઝપાટાબંધ દોડીને તે પોતાના ધરામાં પેસી ગયો અને સગાંસંબંધીઓ સાથે સુખેથી રહેવા લાગ્યો.

શ્રમણ ભગવાન મહાવીર કહે છે: જે તપસ્વી (મનુષ્ય) પોતાની પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં નથી રાખતા અને સ્વચ્છંદથી વર્તે છે, આહાર-પાણી ઉપરનો સંયમ ગુમાવી સ્વાદમાં લોલૂપ બની જાય છે, અને કોઈ પણ પ્રકારનો શ્રમ ન કરતાં દિવસ અને રાત પ્રમાદમાં જ ગાળે છે તેમની દશા પહેલા કાચબા જેવી જ થાય છે. પરંતુ

જે તપસ્વી (મનુષ્ય) પોતાના પાંચે ઇન્દ્રિયોને કાબૂમાં રાખે છે, સંયમથી વર્તે છે; પાંચ વ્રતોનું પાલન કરે છે, ભોજન પણ માધુકરી દ્વારા પોષણ અર્થે જ કરે છે અને આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં સતત જાગ્રત રહે છે તે તપસ્વીઓ બીજા કાચબાની જેમ આ સંસારને સુખેથી તરી જાય છે અને બીજાઓને તારવામાં મદદરૂપ થઈ પડે છે.

## ૩. બે ઈંડાં

ઈંડાં ! હા ઇંડાં ! નગર સંસ્કૃતિમાં આબાલવૃદ્ધ સૌ કોઈ આ વાત જાણે છે કે ઈંડામાંથી જ સરસ મજાનું પક્ષી આ જગતપાટલે જન્મ ધારણ કરે છે. કુદરતની કળા ન્યારી છે, પણ....

ચંપાનગરીમાં જિનદત્ત અને સાગરદત્ત નામના બે વ્યાપારી મિત્રો રહેતા હતા. આ બન્ને મિત્રોને સરખી જ વયના એક એક પુત્ર હતા. તેઓ બન્ને સાથે રમ્યા હતા, સાથે જમ્યા હતા, અને એક જ દિવસે પરણ્યા પણ હતા. બન્ને વચ્ચે ગાઢ મૈત્રી હતી.

એક દિવસ આ બન્ને મિત્રો જંગલમાં ફરવા ગયા. દૂર દૂર સુધી જઈ પહોંચ્યા. અહીં એક વૃક્ષમાં એક ઢેલને બેઠેલી જોઈ પાસે જઈ નજર નાખતાં તેમણે ઢેલનાં બે ઇંડાં જોયાં. પણ ઢેલ આ બન્નેને જોઈ ભયની મારી

ઊડીને બીજા વૃક્ષ પર જઈને બેઠી—ઈંડાં તરફ ધ્યાન રાખીને-સ્તો !

હવે આ બન્ને મિત્રોએ આ બે ઈંડાં જોઈને એકેક ઈંડું પોતે પોતાને ત્યાં લઈ જવાનો વિચાર કર્યો, એવી કલ્પનાથી કે આ ઈંડાને જો બરાબર સાચવીશું તો તેમાંથી સરસ મજાનો મોર થશે, સુંદર પીંછાથી શોભી ઊઠશે અને પોતાના આંગણામાં આ મોર કળા કરી મનને પ્રફુલ્લતાથી ભરી દેશે; ભારે આનંદ આવશે.

વિચાર અમલમાં મૂકવામાં આવ્યો. આથી એક ઇંડું સાગરદત્તને ત્યાં ગયું, અને બીજું ઇંડું જિનદત્તને ત્યાં પહોંચ્યું. બન્ને મિત્રો પોતપોતાના ઈંડાને સાચવીને રાખતા; તે સારી રીતે સેવાય એ માટે કૂકડીનાં ઇંડાં ભેગાં મૂકી દીધાં.

બન્ને મિત્રો પોતપોતાની રીતે ઇંડાની કાળજી રાખવા લાગ્યા. સાગરદત્તનો પુત્ર દરરોજ આ ઇંડાને જોવા હથેળીમાં લેતો, આમતેમ હેરવતો ફેરવતો, આનંદ પામી ધીરેથી મૂકી દેતો, પરંતુ આમ કરવાથી ઇંડું સેવાવાને બદલે નિર્જીવ બની ગયું. પરિણામે મોરને રમાડવાની, તેને કળા કરતો જોઈ હર્ષ અનુભવવાની સાગરદત્તના પુત્રની ઇચ્છા ફળી નહિ.

જિનદત્તનો પુત્ર પણ હંમેશ ઇંડું જોવા જતો. પરંતુ એ દૂરથી જ એને નિહાળી આનંદ પામતો. કૂકડી એને

કઈ રીતે સેવી રહી છે એ જોતો અને ખુશ થતો થતો ચાલ્યો જતો. પરિણામે ધીરે ધીરે કૂકડીએ ઇંડાને સારી રીતે સેવ્યું અને એમાંથી એક દિવસે સરસ મજાના બચ્ચાનો જન્મ થયો. જિનદત્તના પુત્રે મયૂરપોષકને બોલાવી મોરના બચ્ચાને કાળજીપૂર્વક ઉછેરવાનું કાર્ય સોંપ્યું. યોગ્ય ઉછેરના કારણે એ બચ્ચું ધીરે ધીરે વિકાસ પામતું મોરરૂપ બની ગયું. આ મોર પોતાનાં પીંછાંની કળા અને સૌંદર્યથી ઘરના સૌનું મન રીઝવવા લાગ્યો. સૌ આનંદ પામ્યા.

ભગવાન મહાવીરે કહ્યું છે કે, હે ગૌતમ ! જે તપસ્વીઓ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે સંયમની બાબતમાં સાગરદત્તના પુત્રની માફક શંકાશીલ રહે છે, તેનું બરાબર આચરણ કરતા નથી અને ખાલી વિવાદ તેમ જ ચર્ચા જ કર્યા કરે છે તેઓ સાગરદત્તના પુત્રની જેમ નિરાશ થાય છે, પસ્તાય છે, કારણ તેમના હાથમાં કશું જ આવતું નથી; પરંતુ જે તપસ્વીઓ જિનદત્તના પુત્રની જેમ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ વગેરે સંયમની બાબતમાં શંકાશીલ ન રહેતાં તે બધા જ ગુણોનું દૃઢતાથી એકચિત્તે આચરણ કરે છે, તેઓ આ સંસાર સમુદ્રને પણ સરળતાથી પાર કરી જાય છે.

# ૪. અશ્વો

યંત્રયુગના આજના આ જમાનામાં અશ્વનું – ઘોડાનું દર્શન ભાગ્યે જ શક્ય બને છે. હા ! કોઈ કોઈ વાર સરકસમાં આપણે એને નિહાળી શકીએ છીએ, અને એની સરકસમાંની કામગીરીથી ખુશ પણ થઈ જઈએ છીએ. અશ્વની અજબગજબની શક્તિની વાતો તો આપણે સાંભળી છે. તો આવા શક્તિશાળી અશ્વોની આ બંધનયુક્ત સ્થિતિ શાથી ? ચાલો જોઈએ....

હસ્તશીર્ષ નગરના કેટલાક વહાણવટીઓ એક વખત સમુદ્રના ભારે તોફાનમાં સપડાઈ ગયા. માંડ માંડ એક ટાપુ પર પહોંચ્યા. અહીં તેમણે અદ્ભુત એવા અશ્વો જોયા. અશ્વો તો વહાણવટીઓને જોઈને જ જંગલમાં અદૃશ્ય થઈ ગયા.

સમુદ્રનું તોફાન શાંત થયું. પવન પણ અનુકૂળ વાવા લાગ્યો. આથી વહાણવટીઓ પોતપોતાના નગરમાં હેમખેમ પાછા પહોંચી ગયા. ત્યાંનો રાજા વહાણવટીઓને સહીસલામત રીતે પાછા ફરેલા જોઈ આનંદ પામ્યો, અને તેમનું યોગ્ય સન્માન પણ કર્યું.

સન્માનના જવાબમાં વહાણવટીઓએ પોતે જોયેલા ટાપુનું વર્ણન કર્યું. ત્યાંની વનસ્પતિ, ત્યાંના પર્વતો,

ત્યાંની નદીઓ બધું જ તેમને મન અદ્ભુત હતું તે જણાવ્યું. પરંતુ આ સૌમાં વિશેષ અદ્ભુત તો હતા ત્યાંના અશ્વો. આ અશ્વોનું વર્ણન કરતાં તેઓ થાકતા ન હતા.

અશ્વોનું આવું વર્ણન સાંભળીને રાજાએ પોતાના માણસોને અશ્વોને પકડી પોતાને ત્યાં લાવવા પેલા ટાપુ પર મોકલ્યા. અશ્વો ભારે તેજસ્વી હતા એટલે એમને પકડવા માટે કર્ણેન્દ્રિય,ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય,સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરનાર પુષ્કળ ચીજો મોકલી, એટલું જ નહિ, સ્પર્શેન્દ્રિયને ઉત્તેજક એવા સુંવાળા પદાર્થો પણ મોકલ્યા.

શક્તિશાળી,તેજસ્વી અને ચપળ અશ્વો પાંચે ઇન્દ્રિયને બહેકાવનારા અનેક પદાર્થો પ્રાપ્ત થવાથી લોભાયા. પરિણામે આ અદ્ભુત અશ્વો પણ સહેલાઈથી પકડાઈ ગયા. તેમને હસ્તશીર્ષ લાવવામાં આવ્યા. અહીં રાજાના અશ્વપાલે તેમને ચોકડાં ચડાવ્યાં અને ચાબૂક ફટકારી ફટકારીને કેળવ્યા.

મહાવીર સ્વામીએ કહ્યું છે કે, હે ગૌતમ ! જે તપસ્વીઓ અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવા સંયમના ગુણો ન સ્વીકારીને પેલા અશ્વોની જેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી ખેંચાય છે, મોહ પામે છે, આકર્ષાય છે તેઓ આ અશ્વની જેમ બંધનમાં જકડાય છે અને પરાધીન બને છે.

આથી જ તપસ્વીએ મધુર કે અમધુર શબ્દો, સારાં કે નરસાં રૂપો, સુગંધ કે દુર્ગંધ, સારા કે નરસા રસો અને સારા કે નરસા સ્પર્શો તરફ પ્રસંગ પડચે સમભાવ કેળવવા પ્રયત્ન કરવો : નહિ તો એક યા બીજા પ્રકારના બંધનમાં પડી, સંસારચક્ર વધાર્યે જ જાય છે.

## ૫. શ્રેષ્ઠ શ્વેત કમળ

કોમળ, નાજુક સુંદર પુષ્પો સૌ કોઈને ગમે. એના સૌંદર્ય અને સુગંધથી સૌનું મન પ્રસન્નતા અનુભવે. એમાંય વળી કમળ.... જોયું છે ને ? એનું સૌંદર્ય અનોખું. એમાંય વળી શ્વેત કમળ તો ભારે લોભામણું. પરંતુ લોભવશ માનવીની તેને પ્રાપ્ત કરવા જતાં શી પરિસ્થિતિ થાય છે તે જોઈએ....

એક પુષ્કળ પાણીવાળી તથા કાદવવાળી, શ્વેત કમળના સમૂહથી સુશોભિત, નયનાકર્ષક રમણીય પુષ્કરિણી હતી. આ પુષ્કરિણીમાં અહીંતહીં મોટી સંખ્યામાં કમળો-માં ઉત્તમ એવાં શ્વેત કમળો ઊગ્યાં હતાં. પુષ્કરિણીના મધ્ય ભાગમાં આ બધાં કમળોમાં શ્રેષ્ઠ એવું એક શ્વેત કમળ વિકસ્યું હતું. પુષ્કરિણીના બરાબર મધ્ય ભાગમાં હોવાથી, તથા રંગ, રૂપ, ગંધ, રસ અને કોમળતાથી

ભરેલું હોઈ તે કમળ દર્શનીય, રમણીય અને કમનીય હતું.

એક દિવસ ઉગમણી દિશામાંથી એક પુરુષ આ પુષ્કરિણી તરફ આવ્યો. તરત જ તેની નજર પુષ્કરિણીના મધ્ય ભાગમાં આવેલા, શોભીતા કમળ તરફ ગઈ. આ કમળ જોઈ તેણે વિચાર્યું, હું એક અનુભવી, પીઢ, વિવેકી, કુશળ તેમ જ બુદ્ધિમાન પુરુષ છું. તેથી આ શ્વેત કમળને હું લઈ આવું.

આવો વિચાર કરીને તે શ્વેત કમળ લેવા માટે પુષ્કરિણીમાં ઊતર્યો, અને આગળ ને આગળ વધવા માંડ્યો. જેમ જેમ તે આગળ વધતો ગયો તેમ તેમ કમળ પણ આગળ વધતું ચાલ્યું. પાણીની ઊંડાઈ પણ વધવા લાગી. આથી પાછું વાળીને નજર નાખી તો કાંઠેથી તો તે દૂર નીકળી ગયો હતો. તેના પગ કળણમાં ખૂંપી ગયા હતા. તેનાથી હવે આગળ વધી શકાય તેમ નહોતું; તેમ પાછા ફરવામાં પણ મુશ્કેલી જ હતી. આમ શ્વેત કમળને લેવા જતાં તે પુરુષ અધવચ્ચે જ કાદવમાં ખૂંપી ગયો.

આ જ સમયે આથમણી દિશામાંથી એક બીજો પુરુષ આ પુષ્કરિણી તરફ આવ્યો. તેણે ઉગમણી દિશામાંથી શ્વેત કમળને લેવા જતાં પુરુષને જોયો. તેને કાદવમાં ખૂંપી ગયેલો પણ જોયો. પરંતુ તેને લાગ્યું કે

શ્વેત કમળ ઉત્તમ છે અને તેને માટે તે પોતે બધી જ રીતે યોગ્ય છે. આથી તેણે તે પુષ્કરિણીમાં આથમણી દિશા તરફથી પ્રસ્થાન શરૂ કર્યું; આગળ વધતો ગયો. પરંતુ અર્ધે રસ્તે પહોંચતાં તેની દશા પણ પહેલા પુરુષ જેવી જ થઈ. તે પણ ઊંડા કમળમાં ખૂંપી ગયો. આગળ વધવાની તેનામાં હામ ન રહી; તેમ પાછા ફરવાની શક્તિ પણ ન રહી.

બરાબર આ જ રીતે ઉત્તર તથા દક્ષિણ દિશામાંથી ત્રીજો તથા ચોથો પુરુષ આવ્યા. તેઓની દશા પણ પહેલા તથા બીજા પુરુષ જેવી જ થઈ. શ્રેષ્ઠ શ્વેત કમળ લેવા જતાં અડધા રસ્તે જ તેઓ કાદવમાં ખૂંપી ગયા. પછી તેઓ ન તો આગળ વધી શકયા કે ન તો કિનારે પાછા ફરી શકયા.

હવે થોડા સમય પછી, જેના રાગદ્વેષ નિર્મૂળ થયા છે; સંસાર પર વિજય મેળવવાની જેને તીવ્ર આકાંક્ષા છે; જે જ્ઞાની છે; પંડિત છે; એવા એક સાધુપુરુષ કયાંકથી આ પુષ્કરિણી પાસે આવી પહોંચ્યા. સાધુપુરુષે પણ પેલું શ્રેષ્ઠ શ્વેત કમળ જોયું. વળી તેમણે ચારે દિશામાંથી

આવેલા ચાર પુરુષોને તે કમળ લેવા જતાં કાદવમાં ખૂંપી ગયેલા જોયા, તેમની મનીષા જાણી અને તેઓ કાદવમાં શાથી ખૂંપી ગયા હશે તે પણ કળી લીધું.

આ બધું જોઈ સાધુએ કિનારેથી જ પેલા શ્રેષ્ઠ શ્વેત કમળને આજ્ઞા કરી, 'હે શ્રેષ્ઠ શ્વેત કમળ, હે સરસિજ ! અહીં મારી પાસે આવ !' અને જોતજોતામાં તે શ્રેષ્ઠ શ્વેત કમળ તે સાધુપુરુષના ચરણકમળમાં આવીને લેટી પડયું.

શ્રમણ ભગવાન મહાવીર આ રૂપકનો ભાવ સમજાવતાં – રહસ્ય સમજાવતાં કહે છે, 'હે ગૌતમ, આ રૂપકમાં પુષ્કરિણી આવે છે તેને સંસાર સમજો. પુષ્કરિણીમાંનું પાણી તે મનુષ્યનાં કર્મો અને કાદવ તે કામભોગો સમજો. શ્વેત કમળોનો સમૂહ એટલે સંસારમાંનો માનવસમૂહ, અને શ્રેષ્ઠ શ્વેત કમળ એટલે રાજા. ચાર દિશામાંથી આવેલા ચાર પુરુષો તે જુદા જુદા વાદ ધરાવતા વાદી સમજો, અને છેલ્લે આવેલા સાધુપુરુષ તે સદ્ધર્મ. પુષ્કરિણીનો કાંઠો એટલે સંઘ. સાધુપુરુષની આજ્ઞા તે ઉપદેશ. શ્રેષ્ઠ શ્વેત કમળનું સાધુપુરુષના ચરણકમળમાં આવીને પડવું તે મોક્ષ. એટલે કે હે ભવ્ય જીવો ! સદ્ધર્મ સિવાય બીજી કોઈ વસ્તુ આ સંસારમાંથી મુક્તિ ન અપાવી શકે; ન તો નિર્વાણ અપાવી શકે. જે વાદીઓ

(પોતપોતાના વાદમાં જ માનનારા) પોતે જ કર્મો અને કામભોગોમાં કળેલા છે તેઓ બીજાને મોક્ષ અપાવતાં પહેલાં પોતે જ પોતાનાં કર્મો અને કામભોગોમાં કળી જાય છે.'

# મહાવીર–વાણી

૧. પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા દુર્જય એવા આત્માને જીતવો એ ઉત્તમ છે કારણ કે જેણે આત્મા જીત્યો તેણે સર્વ જીત્યું.

૨. 'આ મારું છે અને આ મારું નથી', 'આ મેં કર્યું" અને આ નથી કર્યું", આ પ્રમાણે બબડતા જીવોને રાત્રિ અને દિવસોરૂપી ચોરો ચોરી રહ્યા છે.

૩. સમભાવથી સાધુ થવાય છે, બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે, જ્ઞાન હોય તે મુનિ અને તપસ્વી હોય તે તાપસ કહેવાય છે.

૪. જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ વાસનાઓથી અલિપ્ત હોય તે જ સાચો બ્રાહ્મણ છે.

૫. જેને મોહ થતો નથી તેનું દુઃખ હણાયું છે; જેના હૃદયમાંથી તૃષ્ણાનો દાવાનળ બૂઝયો છે તેનો મોહ હણાયો છે; અને જેનો લોભ હણાયો છે તેને આસક્તિ જેવું કાંઈ નથી.

૬. હે ભાઈ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું ? પોતાની જાત જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.

૭. જગતમાં જયાં ત્યાં આરામ છે એમ સમજીને, ત્યાંથી ઇન્દ્રિયો હટાવીને, સંયમી પુરુષે જિતેન્દ્રિય થઈને વિચરવું. જે પોતાનાં કાર્યો સાધવા ઇચ્છે છે, તેવા વીર પુરુષે હમેશાં જ્ઞાનીના કહ્યા પ્રમાણે પરાક્રમ – પુરુષાર્થ કરવો.

૮. જે સરળ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય, તે જ સાચો અનગાર છે. જે શ્રદ્ધાથી માણસ ગૃહત્યાગ કરે, તે જ શ્રદ્ધાને, શંકાઓ અને આસક્તિ છોડી ટકાવી રાખવી જોઈએ. વીર પુરુષો એ મહામાર્ગે જ ચાલેલા છે.

૯. 'આ મારું છે' એવો સંકલ્પ જે છોડે છે તે મમત્વને છોડે છે. જેને મમત્વ નથી તે જ મુનિ સાચો માર્ગદ્રષ્ટા છે.

૧૦. હે ભાઈ, વિવેકપૂર્વક ચાલો, વિવેકપૂર્વક ઊભા રહો, વિવેકપૂર્વક બેસો, વિવેકપૂર્વક સૂઓ, વિવેકપૂર્વક ભોજન કરો, અને વિવેકપૂર્વક બોલો. આમ કરવાથી કોઈ પણ પ્રકારનું તેના વડે બંધન થશે નહિ.

૧૧. શરીરને નાવ, જીવને નાવિક અને આ સંસારને સમુદ્ર કહ્યો છે. મહર્ષિ જનો આ સંસારસમુદ્રને તરી જાય છે.

૧૨. પ્રમાદીને સર્વ પ્રકારે ભય છે. અપ્રમાદીને કોઈ પણ પ્રકારનો ભય નથી.

૧૩. પોતાની જાતને જીતવી જોઈએ. પોતાની જાત જીતવી મુશ્કેલ છે. જેણે પોતાની જાત જીતી છે, તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

૧૪. સૂતેલાઓની વચ્ચે જાગ્રત રહેવું; તીવ્ર બુદ્ધિવાળા પંડિતે આયુષ્યનો વિશ્વાસ ન કરવો. કામ નિર્દય છે અને શરીર અબળ છે. માટે ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત રહેવું.

૧૫. જેને મૃત્યુ સાથે મિત્રતા છે, જે તેના હાથમાંથી બચી શકે છે, અથવા 'હું મરવાનો નથી' એવું જે જાણે છે, તે જ એવો વિચાર કરી શકે કે 'આ હું આવતી કાલ કરીશ.'

૧૬. શાંતિથી ક્રોધનો નાશ કરો. નમ્રતાથી અભિમાનને જીતો. સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભ કાબૂમાં રાખો.

૧૭. અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ સર્વશ્રેષ્ઠ મંગળ છે. જે વ્યક્તિનું મન આ ધર્મમાં રત રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

# સદ્‌વિચાર પરિવાર

**હેતુ :** સદ્‌વિચારનું સિંચન, દુઃખી–દર્દીની સેવા.
**પ્રવૃત્તિ :** અમૃતબિંદુ, સુવિચાર માસિક, નેત્ર-દંત યજ્ઞો, અન્ન સહાય કેન્દ્ર, સંકટ રાહત કાર્ય, જેલો-શાળાઓમાં રક્ષાબંધન, ફાંસી કેદીનું હૃદયપરિવર્તન, દર્દી સેવા કેન્દ્ર, રક્તપિત્ત સેવા, દર્દી દવા બેન્ક, પૂર રાહત કાર્ય, દુષ્કાળ રાહત કાર્ય, દર્દી–દુગ્ધપાન, સ્વાશ્રય-કેન્દ્ર, સદ્‌ભાવ સ્મારક ગ્રંથાવલિ, ધાબળાદાન, પશુ–કૃષિ સંવર્ધન, વૃક્ષારોપણ, વૃક્ષરક્ષા–સ્મૃતિવનસ્થાપન અને સંવર્ધન, સીવણ ઉદ્યોગ કેન્દ્રો તથા કીડનીદાન પ્રોત્સાહન.
**સભ્યપદ :** વિશિષ્ટ સેવા સભ્ય–રૂ. ૫૦૦૧, મુરબ્બી–રૂ. ૧૦૦૧ સ્વજન-રૂ. ૫૦૧, આજીવન-રૂ. ૨૦૧, વાર્ષિક શુભેચ્છક-રૂ. ૮. વાર્ષિક શુભેચ્છક સભ્યોને 'સુવિચાર' માસિક એક વર્ષ સુધી ભેટ અપાશે તેમજ વિશિષ્ટ, મુરબ્બી, સ્વજન તથા આજીવન સભ્યોને પૂ. ડોંગરેજીનું રામાયણ અગર ભાગવત અને ચોક્કસ પ્રકાશનો ભેટ અપાશે તથા જીવનભર સુવિચાર માસિક ભેટ મોકલાશે.
**સંસ્થાનાં કાયમી ફંડ :** (૧) સતસાહિત્ય પ્રકાશન ફંડ, (૨) દર્દી સેવા ફંડ, (૩) શ્રી દિલાવરસિંહ વાઘેલા સ્મારક ફંડ, (૪) સદ્‌ભાવ ગ્રંથાવલિ (૫) સંકટ રાહત ફંડ (૬) સંત પુનિત ચક્ષુબેન્ક ફંડ, (૭) મધ્યમ વર્ગ રાહત ફંડ, સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે કાયમી ફંડ માટેના તેમજ અંકિત, પ્રાસંગિક યા સર્વસાધારણ–સર્વ પ્રકારનો સહકાર પ્રેમથી સ્વીકારવામાં આવે છે.

# સુવિચાર માસિક

**માનવતાનું મહિમા ગાન * વિવિધ સંતોની પ્રેરણાવાણી**

**લવાજમ**

**એક વર્ષ : રૂા. ૬-૦ * વિદેશ માટે રૂા. ૧૪–૨૫**

**નોંધ:**–શાળા, સંસ્થા, ટ્રસ્ટો, પુસ્તકાલયો માટે સુવિચારનું લવાજમ રૂા. ૫–૨૫ રાખેલ છે.

ગામેગામ અનેક સ્વજનો ગ્રાહક નોંધવામાં સહકાર આપે છે.

**સંસ્થાને ઇન્કમટેક્ષ માફી સર્ટીફિકેટ HQ-III-33-63-78-79-upto 81.) મળ્યું હોઇ અપાતી રકમ રાહતને પાત્ર ગણાય છે.**

## મંગલસૂત્ર

અર્હંતોને નમસ્કાર.

સિદ્ધોને નમસ્કાર.

આચાર્યોને નમસ્કાર.

ઉપાધ્યાયોને નમસ્કાર.

લોકવર્તી સર્વ સાધુઓને નમસ્કાર.

આ પાંચ નમસ્કાર મંત્ર તમામ પાપનો વિનાશ કરનાર છે.
અને તમામ મંગલોમાં પ્રથમ મંગલ છે.

## સમરો મંત્ર ભલો નવકાર

સમારો મંત્ર ભલો નવકાર
એ છે ચૌદ પૂરવનો સાર
એના મહિમાનો નહીં પાર
એનો અર્થ અનંત અપાર.... સમરો ૦૧

સુખમાં સમરો દુઃખમાં સમરો,
સમરો દિવસ ને રાત,
જીવતાં સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંઘાત... સમરો ૦૨

યોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક,
દેવો સમરે દાનવ સમરે,
સમરે સહુ નિઃશંક.... સમરો ૦૨

અડસઠ અક્ષર એના જાણો[illegible]મરો,
સમરો સૌ સંઘાત... સ[illegible]
સમરે ભોગી સમરે,
આઠ સ[illegible]
સમરે રાજા રંક, [illegible]મરો ૦૪
[illegible]મરે દાનવ સમરે,
નવપદ [illegible]
[illegible]મરે સહુ નિઃશંક.... સમ[illegible]
ભવ[illegible]
[illegible]ક્ષર એના જાણો
વીર વચન જો હૃદય વ્યાપે,
પરમાતમ પદ આપે.... સમરો ૦૫